# SPECIAL CONDITIONS

## ખાસ શરતો

(૧) ઈજારદારશ્રીએ ગટર લાઈનની સાફ સફાઈ યંત્રની મદદથી કરવાની છે. મેનહોલમાં કોઈપણ સંજોગોમાં સફાઈ કામદારને ઉતારવાના નથી.

(૨) ધી એમ્પોયમેન્ટ ઓફ મેન્યુઅલ સકવેન્જર્સ એન્ડ કન્સટ્રકશન ઓફ ડ્રાય લેટ્રીન્સ (પ્રોહીબીશન) એકટ–૧૯૯૩ ની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટની રીટપીટીસશન (સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ નો ચુકાદો તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૪/૦૨/૨૦૦૬ ના પરિપત્ર નં.૫૨ચ/૨૦૨૨૦૫/૧૫૭૦/ગ, (પાર્ટ ફાઈલ) ની સુચનાનું ચુસ્તપણે પાલન કરવાનું કહેશે.

ઠેકેદારશ્રીની સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

## ગટર લાઈનની સફાઈ દરમ્યાન સોમતી અંગેની માર્ગદર્શીકા

(૧) યંત્રની મદદથી સફાઈ થાય તે માટે જરૂરી તમામ સાધનો વસાવવા.

(૨) જે મેનહોલમાંથી કચરો વિગેરે સાફ કરવાનું હોય કે તે મેનહોલ બંને તરફથી ખુલ્લા રાખવા.

(૩) ખુલ્લા રાખેલ મેનહોલ પાસે ભયસૂચક નિશાની રાખવી.

(૪) મેમહોલની સફાઈ કામ શરૂ કરતા પહેલા અર્ધા કલાક જેટલો સમય મેનહોલ ખુલ્લો રાખી અંદરનો ગેસ નિકળી જાય, તેની ચકાસણી, કરી ત્યારબાદ જ કામ શરૂ કરવું.

(૫) મેનહોલમાં ગેસ ડીટેકટર દોરીથી બાંધી ગેસની ચકાસણી કરવી, ઓકિસજનની ચકાસણી માટે સળગતી મીણબત્તીનો ઉપયોગ પણ કરી શકાય.

(૬) એલાર્મ સાઉન્ડીગ ડીવાઈસ વસાવવી.

(૭) સફેટી બેલ્ટ સાથે મજબુત દોરડું બાંધીને સાઈડ પર કામગીરી કરવી.

(૮) જરૂર જણાયે વધારાનો ગેસ ખેંચી લેવા તાત્કાલિક ઉપયોગ માટે વેકયુમ કલીનર તૈયાર રાખવું.

(૯) ગેસ નિકાલ પ્રક્રિયા પૂર્ણ કર્યાની ચકાસણી ગેસ ડીટેકટરથી કરવી.

(૧૦) કામ કરતા કામદારો માટે સલામતીના સાધનો પુરા પાડવા.

(૧૧) સફાઈ કામ કરતા કામદારોને ગટરની સફાઈ માટે લેવાની તકેદારી વિશે તાલીમ આપવા અને તે માટેની તમામ સાધન સામગ્રી પુરી પાડવી.

(૧૨) ગટરોની કામગીરી કામદારોને થતા આકસ્મિક અકસ્માત નિવારી શકાય, તે માટે અગમચેતીરૂપ તેકદારીના પગલાં લેવા.

(૧૩) કામગીરી દરમ્યાન જે તે વિસ્તારના રહેવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખી તેમજ જાહેર આરોગ્ય ધ્યાનમાં રાખી સફાઈ કરી કાઢેલ કાદવ–કીચડ જાહેર આરોગ્યને નુકશાન ન થાય તેવી જગ્યાએ નાંખવાનો રહેશે. તેમજ તે અંગે જે તે વિસ્તારના રહેવાસીઓની ફરીયાદ ન આવે તે રીતે કામગીરી કરવી. તેમજ ટ્રાફીકને અડચણરૂપ ન થાય તે રીતે કામગીરી કરવી.

(૧૪) સ્થળ પર કોઈપણ આકસ્મિક સંજોગોને પહોચી વળવા માટે સ્થળ પર જવાબદાર સુપરવાઝર હોવો જ જોઈએ અને તે અનુભવી અને સક્ષમ હોવો જોઈએ.

(૧૫) લેબર લાયસન્સ તેમજ વિમાની પોલીસી, વર્કમેન કોમ્પેનસેશન એકટ અનુસાર ઈન્સ્યોરન્સ ઉતારાવવો.

(૧૬) કામ દરમ્યાન સલામતીના જરૂરી તમામ સાધનો તેમજ મશીનરી એજન્સી પાસે પુરેપુરી ચાલુ હાલતમાં છે. તેવું પ્રમાણપત્ર આપવું. આ તમામ મશીનરી તથા સાધનોને ચલાવવા માટે જરૂરી ડ્રાઈવરો/ આપરેટરો તેમજ સફાઈ કામદારો/ મજુરો આ કામના જાણકાર હોય તેવા અનુભવી રાખવાના તેમજ ફાયર બ્રીગેડ પાસેથી તેનું પ્રમાણપત્ર મેળવવું.

(૧૭) સાઈડ પરના સુપરવાઈઝરે ફાયર બ્રીગેડ, હોસ્પીટલ અને પોલીસના ફોન નંબર અને મોબાઈલ નંબરની યાદી રાખવી અને કામ કરતાં દરેક કામદારને પણ આપવી.

(૧૮) સફાઈની કામગીરી પૂર્ણ થયે ગટરનાં ઢાંકણાં ચૂસ્તપણે ફીટ કરવા.

(૧૯) કામના સ્થળ પર અકસ્માત નિવારવા માટે ભય સૂચક નીશાની દર્શાવતા બોર્ડ મુકવા અને સેફટી રીબીન બાંધવી.

ઠેકેદારશ્રીની સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોની જે તે ડ્રેનેજ ઈન્કવાયરીમાં ગટર લાઈનોની સાફસફાઈ તેમજ પરચુરણ કામ (સીવીલ કામ) અંગેની શરતો.

(૧) ઠેકેદારશ્રીએ અથવા તેમના પ્રતિનિધિએ દરરોજ સવારે ૮ થી ૯ માં ડ્રેનેજ ઈન્કવાયરીમાં હાજરી આપવાની રહેશે અને જયારે રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે પણ હાજર થવાનું રહેશે. તેમજ ઠેકેદારશ્રીએ મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સાથે સવારે ૭ થી ૯ ના સમયમાં ફોન પર સંપર્ક કરવાનો રહેશે. વધુમાં એજન્સીના પ્રતિનિધિએ દરરોજ સવારે ઈન્કવાયરીમાં ફરિયાદો મેળવી તેના નિકાલ કરવાની કામગીરી વર્ક આસીસ્ટન્ટના સંપર્કમાં રહી ફરિયાદ નિકાલની કામગીરી તાત્કાલિક હાથ પર લેવાની રહેશે.

(૨) ઠેકેદારશ્રી ત્થા તેના સાઈટ સુપરવાઈઝર મોબાઈલ ફોન ધરાવતા હોવા જોઈએ અને તેનો નંબર તેમણે કચેરીમાં આપવાનો રહેશે.

(૩) જે તે ગટર લાઈનની સફાઈની સૂચના આપવામાં આવે ત્યારબાદ બે દિવસમાં ગટર લાઈન સાફ કરી ચાલુ કરી ફરિયાદનો નિકાલ કરવાનો રહેશે.

(૪) લાઈનની સાફ સફાઈની કામગીરી વખતે મેનહોલના કવર ખોલવામાં આવે ત્યારે મેનહોલમાં કોઈ પડે કે અકસ્માત ન થાય તેવી વ્યવસ્થા કરી "ભય" સફાઈ કામગીરી ચાલુ છે તેવો બોર્ડ તેમજ લાલ ફલેગ જે તે લાઈનની સફાઈ કામગીરી ચાલતી હોય ત્યાં લગાવવાના રહેશે.

(૫) લાઈનના સાફ સફાઈની કામગીરી જયારે બંધ કરવામાં આવે ત્યારે મેનહોલ તેમજ ચેમ્બરોના ઢાંકણાં ઢાંકી દેવાના રહેશે.

(૬) સફાઈ કામગીરી કરનાર માણસોને સફાઈ કામ દરમ્યાન જરૂરી તમામ જેવા કે ઓકિસજન, માસ્ક તેમજ અન્ય સલામતીના સાધનો ઠેકેદારે આપવાના રહેશે. તેમજ પ્રાથમિક ઉપચાર પેટી સ્થળ પર સાથે રાખવી.

(૭) સફાઈ કામગીરી દરમ્યાન જે તે વિસ્તારના રહેવાસીઓની સલામતી ધ્યાનમાં રાખી તેમજ જાહેર આરોગ્ય ધ્યાનમાં રાખી સફાઈ કરી કાઢેલ કાદવ–કિચડ જાહેર આરોગ્યને નુકશાન ન થાય તેવી જગ્યાએ નાંખવાનો રહેશે. તેમજ તે અંગે જે તે વિસ્તારના રહેવાસીઓની ફરિયાદ ન આવે તે રીતે કામગીરી

કરવાની રહેશે. તેમજ ટ્રાફીકને અડચણરૂપ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે.

(૮) સફાઈ માટે જરૂરી સાધનો જેવા કે પટ્ટી, દોરડા, બાલ્દી, વાંસ, ફયુમેક્ષ મશીન વિગેરે ઠેકેદારે લાવવાના રહેશે.

(૯) જે તે મેનહોલમાંથી નીકળેલ સીલટીંગ / કચરો તે દિવસે અથવા બીજા દિવસ સુધીમાં રહેવાસીઓને આરોગ્યરીતે નડતરરૂપ ન થાય તે રીતે (ગમે તે અંતર સુધીમાં) દૂર કરવાનો રહેશે.

(૧૦) સ્થળ પર કોઈપણ આકસ્મિક સંજોગોને પહોંચી વળવા માટે સ્થળ પર ઠેકેદારશ્રીનો જવાબદાર સુપરવાઝર હોવો જ જોઈએ અને તે અનુભવી અને સક્ષમ હોવો જોઈએ.

(૧૧) ઠેકેદારે લેબર લાયસન્સ તેમજ વિમાની પોલીસી, વર્કમેન કોમ્પેનસેશન એકટ અનુસાર ઈન્સ્યોરન્સ ઉતારાવીને વર્ક ઓર્ડર મળ્યાના એક અઠવાડીયામાં અત્રે રજુ કરવાની રહેશે. તેમજ કામગીરી દરમ્યાન કોઈ અકસ્માત થશે તેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે. તેમજ આ અંગેની વળતર દાવા અંગેની પણ સંપૂર્ણ જવાબદારી રહેશે. આ અંગે ઠેકેદારશ્રીએ કબુલાતનામું આપવાનું રહેશે.

(૧૨) એજન્સીએ સફાઈ દરમ્યાન સલામતીના જરૂરી તમામ સાધનો તેમજ મશીનરી તેની પાસે પુરેપુરી ચાલુ હાલતમાં છે તેવું પ્રમાણપત્ર અત્રેની કચેરીએ રજુ કરવાનું રહેશે. આ તમામ સલામતીની મશીનરી તથા સાધનોને ચલાવવા માટે જરૂરી ડ્રાઈવરો / ઓપરેટરો તેમજ સફાઈ કામદારો / મજૂરો આ કામના જાણકાર હોય તેવા અનુભવી રાખવાના રહેશે.

ઉપરોકત શરતો અમોએ ધ્યાનપૂર્વક વાંચેલ છે અને અમોને કબુલ મંજુર છે.

ઠેકેદારશ્રીની સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

કામનું નામ : **2215 Water supply & sanitation**
**(107) Gandhinagar sewage Scheme**
Cleaning/ Removing choking of Manholes, Chambers/ C.W.C, Strom/ Drainage lines and desilting the same if required with labours, Mechanical Bucket/ Hand bucket, lari & other tools (i.e. Trikam, Pavda, Rassa, Battery, G.T. Salia, Safety Tools etc.) with disposing silt as shown places under Drainage Inquiry Sector No.3, In G.T.S. Nothing extra to be paid for any insurance or depreciation of tools etc. (Rate is for 8 hour shift with minimum 8 complains to be solved. Minimum 3 labours with mukadam to be provided.) or in case of pollution/ pre- monsoon action plan/ drainage desilting work / min 10 Nos. of MH or chamber Should be Desilted or as per instruction by EIC.) :

## : ઠેકેદારશ્રીએ ટેન્ડર ભરવા માટેની ખાસ શરતો :

(૧) ચાલુ કામ દરમ્યાન ઠેકેદારશ્રીના મશીનરી થકી કે રસ્તામાં કોઈ વાહન અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારશ્રીની અંગત રહેશે તથા અન્ય રીતે સમયસરની કામગીરીમાં ઢીલ થવાથી તથા તેને લીધે ઉપસ્થિત થનાર અન્ય નુકશાનની જવાબદારી એજન્સીની રહેશે તથા આ નુકશાની બાબતે ખાતાનો નિર્ણય આખરી રહેશે.

(૨) ઠેકેદારશ્રીએ તેમની મશીનરી ઉપર રાખેલ ડ્રાઈવર/કામદારો ના વેતન ચુકવણી માટે સરકારશ્રીના લઘુતમ વેતન ધારાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તે મુજબ ડ્રાઈવર હેલ્પરો વગેરે/ કામદારોને ચુકવણું કરવાનું રહેશે. અને આ અંગેની સઘળી જવાબદારી ઠેકેદારશ્રીની રહેશે.

(૩) ટેન્ડર સમય મર્યાદાની અંદર કોઈ પણ કારણસર/ મુશ્કેલી કે ખાતાની મશીનરી વપરાશના લીધે કે.અન્ય કારણે મશીનરી વપરાશ ન થઈ શકવા કે ઓછા વત્તાપ્રમાણ બાબતે ઠેકેદારશ્રીએ રોકેલા મશીનરી માટે કોઈ વધારાનું વળતર મળવાપાત્ર રહેશે નહી.

(૪) ઠેકેદારશ્રીએ કામ ઉપર રાખેલ દરેક ડ્રાઈવર ઓપરેટર ના મોટર ધારા હેઠળના "હેવી વ્હીકલ" લાયસન્સવાળા રોકવાના રહેશે તથા કાર્યરત રહે તે માટેની સંપુર્ણ જવાબદારી રહેશે તથા સારી વર્તણુંકવાળા, સારી શારીરિક ક્ષમતાવાળા તથા તંદુરસ્ત રાખવાના રહેશે તથા કેફી વ્યસન ધરાવતા ન હોવા જોઈએ.

(૫) ઠેકેદારશ્રીએ મશીનરી પર રાખેલ ડ્રાઈવર, ઓપરેટર, હેલ્પરો વગેરે માટે હેલ્થ ઈન્સ્યુરન્સ, અકસ્માત વિમો વિગેરે એજન્સીએ પોતાના ખર્ચે મેળવવાનો રહેશે તેમજ વાહનનો પણ વિમો કાર્યરત રહે તે માટેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે. આ બાબતે ચુક થયે ખાતાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

(૬) એજન્સીએ ભાડે આપેલ મશીનરી ઉપર રાખેલ ડ્રાઈવરો, હેલ્પર તથા કામદારોના લાગુ પડતા દરે લઘુતમ વેતન / ઈપીએફ / ઈન્સ્યુરન્સ કે અન્ય ભથ્થા અંગેની સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

(૭) એજન્સીએ મશીનરી ઉપર રાખેલ મશીનરીમાં કોઈ પેસેન્જર બેસાડી શકાશે નહી અને રસ્તામાં ગેરકાયદેસર પેસેન્જર વહન કરતા પકડાશે તથા સક્ષમ સત્તાધીશ તરફથી થયેલ પેનલ્ટી / દંડ કેસના અકસ્માત વખતનું જોખમ કે કોર્ટ કેસ તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

(૮) એજન્સીએ ખાતાના સંબંધિત અધિકારીઓની સુચના મુજબ જરૂરીયાત પ્રમાણે તાત્કાલિક માંગ્યા મુજબની સાઈડે મશીનરી/વાહનો પુરા પાડવાના રહેશે.

(૯) ટેન્ડરમાં દર્શાવેલ સમયમર્યાદામાં કામગીરી જરૂરીયાત મુજબ જે તે સમયે જણાવ્યા જથ્થા મુજબ માંગણી અન્વયેની ડીપ સકશન મશીન થી સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. તથા ટેન્ડરની સમય મર્યાદામાં ઓછા કે વધુ કામગીરી ન થવા પામે તો પણ કોઈ વાંધો ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૧૦) ટેન્ડર રેટ મુજબ થયેલ કામના ચુકવણી વખતે આવકવેરો /જી.એસ.ટી/ લેબરશેષ કે અન્ય વસુલાત ખાતાના વખતોવખતના નિયમોનુસાર બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૧૧) ટેન્ડરની એજન્સીઓ પાસેથી મળેલ ભાવો પૈકી ખાતાને સક્ષમ જણાયેલ એજન્સી પાસે નીચા આવેલ ભાવોવાળી એજન્સી પાસે વાટાઘાટો કરીને યોગ્ય ભાવો મેળવીને ભાવો મંજૂર કરવાનો કે ના મંજૂર કરવાનો ખાતાને હક રહેશે જે ખાતા તરફથી વાટાઘાટો અંગે ભાવ ભરનાર એજન્સીને ખાતાનો નિર્ણય બંધનકર્તા રહેશે અને આ બાબતે કોઈ વાંધો સ્વીકાર્ય ગણાશે નહિ.

(૧૨) ધી એમ્પ્લોયમેન્ટ ઓફ મેન્યુઅલ સ્કવેન્જર્સ એન્ડ કન્સટ્રકશન ઓફ ડ્રાય લેટ્રીન્સ (પ્રોહીબીશન) એકટ–૧૯૯૩ ની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટની રીટપીટીસશન (સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ નો ચુકાદો તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૪/૦૨/૨૦૦૬ ના પરિપત્ર નં.પરચ/૨૦૨૨૦૫/૧૫૭૦/ગ, (પાર્ટ ફાઈલ) અન્વયે સફાઈના કામકાજ દરમ્યાન કોઈપણ સંજોગોમાં સફાઈ કામદારને મેનહોલમાં અંદર ઉતારવો નહી. જો આ બાબતે કોઈપણ પ્રકારની ભુલચૂક થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૧૩) **સફાઈ કામદારો માટે જીવન વીમો ઉતારવા બાબતે ખાસ સુચના**

"ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહબીલીટેશન એકટ–૨૦૧૩, તા.૧૯/૦૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહબીલીટેશન રૂલ્સ–૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩" માં સફાઈ કામદારો માટે રકમ રૂ.૧૦.૦૦ લાખના વીમાની જોગવાઈ રાખવામાં આવેલ છે. માટે જો સફાઈ કામનો કોન્ટ્રાકટ સ્થાનિક સંસ્થા ધ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટર ને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાકટર ધ્વારા રૂ.૧૦.૦૦ લાખનો વીમો સફાઈ કર્મચારી દીઠ લેવો જરૂરી છે. અને આવા અકસ્માત/ નુકશાન ના કારણો માટે એજન્સીની એગત જવાબદારી રહેશે.

ઠેકેદારશ્રીની સહી.

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.